સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

થાય રોજ ક્યાંક ને ક્યાંક દુષ્કર્મોનો આતંક છે
ફસાવે ભક્તાણીને, બગભગતોનો આતંક છે
આતંક છે ઔદ્યોગિક ધનિકોનો, લૂંટે છે બેન્કો-
છે ઘરના જ ભેદી, અહીં નક્ષલોનો આતંક છે.
(ઘરના ઘાતકી, આતંકીઓ)

સત્તા દૂષણે
લાલચના પોષણે-
કરે શોષણ
'આહિર' કાનો
વાટકી છાછભર-
નચાવે ગોપી
(નેતાજીઓની રાસલીલાનો આતંક)

હાઈકુ

ચિંતન

સાધનત્વેન દૃષ્ટાનાં સર્વેષામપિ કર્મણામ ।
વિધિના યઃ પરિભાગઃ સંન્યાસઃ સતાં મત ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવ્યો છે.

સાધનરૂપે દેખાતાં સઘળાં કર્મોનો વિધિપૂર્વક સંપૂર્ણ ભાગ કરવો, તેને સજ્જનોએ 'સંન્યાસ' માન્યો છે.

કર્મોથી સમજપૂર્વક-વિધિપૂર્વક નિર્લેપ થવું એ 'સંન્યાસ' છે. કર્મમાં લિપ્ત થયા વિના કુદરતી રીતે કર્મ કરવું એ વિવેકી જીવન છે. આંખનું મટકું, શ્વાસ લેવો જેવી બાબત આપણે જેમ નિર્લેપ રરી કરીએ છીએ તેમ જીવનકર્મ થવાં જોઈએ.

સુવિચાર

- દેર સે બનો પર જરૂર કુછ બનો, ક્યોંકિ લોગ વક્તકે સાથ ખૈરિયત નહીં, હૈસિયત પૂછતે હૈં
  - આશિષ બંગર
- આ બાબતો માનવજાતનો વિનાશ કરી નાખશે : સિદ્ધાન્ત વિનાનું રાજકારણ, દયા વિનાની પ્રગતિ, શ્રમ વિનાનું ધન, મૌન વિનાની વિદ્વતા, અભય વિનાનો ધર્મ અને જાગૃતિ વિનાની પૂજા - **એન્થની ડી મેલો**
- 'કોઠાસૂઝ' આપણી વિશિષ્ટ ખાસિયત છે. તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાથી સફળતા જલદી મળે છે.
  - શાહબુદ્દીન રાઠોડ
- તમારે દલીલમાં જીતવું છે ? સામાને જીતવા દો - **ફાધર વાલેસ**
- જે પળે તમે મૂલ્યોની કિંમત આંકવી શરૂ કરો છે, તે પળે તમે મૂલ્ય ગુમાવો છો - **શિવ ખેરા**
- પ્રેમાળ લોકો પ્રેમાળ જગતમાં રહે છે. વિરોધી લોકો વિરોધી જગતમાં રહે છે. બંને એક જ જગત છે.
  - વેન ડાયર

આજનું ઔષધ : લસણને ખૂબ લસોટી, મલમ જેવું કરી કપડાં પર લગાડી તે કપડું ગળા પર બાંધવાથી કંઠમાળમાં રાહત થાય છે. (સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સૂફી સંત જૂનૈદ સાથે એક માણસ ચર્ચા કરવા આવ્યો. તેણે કહ્યું, મને રાત-દિવસ એક પ્રશ્ન સતાવે છે કે ઈશ્વર છે ખરો ? અને ઈશ્વર નથી એવું માનીને ચાલવું હિતાવહ છે. આપ મારા પ્રશ્નનો જવાબ આપો. જુનૈદે કહ્યું, હા ભાઈ! ઈશ્વર છે અને તે પ્રત્યેક સ્થળે મોજૂદ છે.

પેલો માણસ અકળાઈને બોલ્યો, આવું સાંભળી સાંભળીને મારા કાન થાકી ગયા છે. સૌ એમ કહે છે કે ઈશ્વર છે તો નજરોનજર દેખાતો કેમ નથી ?

જુનૈદે કહ્યું, ઈશ્વર કોઈ વસ્તુ કે પદાર્થ નથી. એ તો આપણને સતત માર્ગદર્શન આપતો ફરીશ્તો છે. આપણે અનેકવાર નેક અને દયાળુ માણસના રૂપમાં એને પામી શકીએ છીએ.

જુનૈદના જવાબથી હજી પેલા માણસને સંતોષ થયો નહીં. એટલે એ બોલ્યો, આવી બધી વાતો તો અમે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ. પરંતુ કોઈકવાર તો ઈશ્વરની એકાદ ઝલક જોવા મળે. ઉપદેશ આપવો એક બાબત છે અને એ પ્રમાણે વાસ્તવિકતા હોવી એ અલગ બાબત છે. મારી વાતનો જવાબ આપની પાસે પણ નથી માટે હું રજા લઉં છું.

પેલો માણસ ચાલતો થયો ત્યારે જૂનૈદે એક ધારદાર પથ્થર પોતાના પગ ઉપર માર્યો અને પગમાંથી લોહીની ધાર વહેવા લાગી, આ જોઈને પેલા માણસે કહ્યું, અરે આપે આ શું કર્યું ? આપને ઘણી પીડા થતી હશે...

જૂનૈદે જવાબમાં કહ્યું, જેમ મારા પગમાંથી વહેતા લોહીને જોઈને તમને એમ થયું છે કે મને જરૂર પીડા થઈ રહી છે એ જ રીતે ઈશ્વરને આપણા મનમાં મહેસૂસ કરીએ છીએ. જેવો આ પીડાનો અનુભવ એવો ઈશ્વરનો. જેમ પીડાનું વાસ્તવિક રૂપ નથી તેવું જ ઈશ્વરનું વાસ્તવિક રૂપ નથી.

પેલા માણસને જુનૈદના જવાબથી સંતોષ થયો.

વેકેશન : આરામ અને પ્રવાસની મોસમ

તંત્રીસ્થાનેથી...

વિદ્યાજગત માટે વેકેશનથી વધારે આનંદદાયક શબ્દ દુનિયાની કોઈ પણ ડિક્શનરીમાં મળવો મુશ્કેલ છે. બાળકો તો કાગડોળે ક્યારે વેકેશન પડે ને આ તનાવભર્યા માહોલમાંથી છૂટીએ એની રાહ જોતાં જ હોય છે. કદાચ એ બાળકો કરતાં પણ વેકેશન માટેની વધારે આતુર પ્રતીક્ષા શિક્ષકોને રહે છે. શિક્ષણને વધુ ને વધુ અટપટું અને નીરસ બનાવી દેવામાં ભારતીય શિક્ષણ પદ્ધતિનો જોટો જડે એમ નથી.

'ભાર વિનાના ભણતર'ની બાળશિક્ષણની વિભાવના ફક્ત પોથીમાંનાં રીંગણાં જેવી બની ગઈ છે. પ્રાથમિક શિક્ષણથી લઈ યુનિવર્સિટી સુધીની આપણી શિક્ષણપ્રણાલી ધરમૂળથી ફેરફાર માગી લે છે. પરંતુ નથી એ દિશામાં સરકારો વિચારતી કે નથી સમાજસેવકો અને શિક્ષણવિદોને એવી સુગમ શિક્ષણપ્રણાલી વિકસાવવામાં રસ. એટલે આપણો વિદ્યાર્થી એક વિદ્યાકેદી બની ગયો છે. જેને નિર્ધારિત લક્ષ્યાંક હાંસલ કરવાની ફરજ પાડવામાં આવે છે. કોઈને એનાં રસરુચિ કે કાર્યક્ષમતાનો સાચો અંદાજ હોતો નથી. કારકિર્દીની ઉંદરદોડમાં સામેલ થઈ ગયા પછી એ હાંફી જાય, બેહોશ થઈ જાય તો પણ એના તરફ શિક્ષકો કે વાલીઓને અનુકંપા નથી જાગતી. ગમે તે કરો - વર મરો, કન્યા મરો પણ ગોરમહારાજનું તરભાણું ભરો ! વેકેશનનો પણ આ કારકિર્દી નામની ડાકણે કોળિયો કરી દીધો છે. ટ્યૂશન ક્લાસીસની ફેક્ટરીઓ ધમધમે છે. શિક્ષણના નામે વેપલો માંડી બેઠેલા નામીચા લૂંટારાઓએ વિદ્યાર્થીઓને તરુણાવસ્થાનો કચરો કરી નાખ્યો છે. નથી એમની આ હરકતને સરકાર રોકી શકતી કે નથી વાલીઓને એનો મોહ છૂટતો.

વેકેશનનો અર્થ ફક્ત વેકેશન હોવો જોઈએ. એ આરામ, પ્રવાસ અને મનોરંજન માટેનો અનામત સમયગાળો બની રહેવો જોઈએ. વિદ્યાર્થી બારે માસ અને ચોવીસે કલાક ચોટી બાંધીને ભણ્યા જ કરે, એથી મોટો ત્રાસ બીજો કયો હોઈ શકે ? આપણે કતલખાને જતાં પ્રાણીઓની દયા ખાઈએ છીએ પરંતુ ઘરના જ બાળકની જે કટકે કતલ થતી રહે છે, એ તરફ આપણું ધ્યાન જ નથી જતું. ઊલટાના આપણને આપણું બાળક ડૉક્ટર કે ઈજનેર બની જાય એની ઉતાવળ હોય છે. શાળાઓમાં પૂરું પાંત્રીસ દિવસનું સ્ટાન્ડર્ડ વેકેશન જાહેર થયું છે ત્યારે આખું વરસ કોઈ ને કોઈ સરકારી કાર્યક્રમ પાછળ ટાંટિયાતોડ કરતા રહેતા શિક્ષકો માટે પણ આ સમયગાળો સ્ટ્રેસ રિલીઝનો બની રહેવો જોઈએ. વિદ્યાક્ષેત્રે વૈશ્વક સ્તરનાં ધોરણો વિકસાવવાનું સરકારને ક્યારે સૂઝશે ? જેણે યુનિવર્સિટીનું પગથિયું જ ન જોયું હોય એવા શિક્ષણમંત્રી આપનારી સરકારો પાસે ભારતને શૈક્ષણિક સંદર્ભે ફિનલૅન્ડ બનાવવાની અપેક્ષા વધારે પડતી જ લેખાશે.

હિન્દુ મેરેજ એકટની કલમ ૯, સ્પેશ્યલ મેરેજ એકટ કલમ ૨૨ માં સુધારાને અવકાશ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

સુપ્રિમ કોર્ટમાં એક યાચીકા દાખલ કરેલ છે. જેમાં પતિ પત્નીને દામ્પત્ય સબંધ બનાવા માટે બાહ્ય કરવા માટેનો કાયદો દામ્પત્ય સબંધોની પુનઃ સ્થાપના અધિકારને પડકારેલ છે. અરજમાં કાયદાને વ્યક્તિગત ગરીમા અને સ્વાયત્તાના વિરૂધ્ધ અને સમાનતા અને સ્વતંત્રતાના મૌલીક અધિકારના ભંગ સમાન દર્શાવી તેને રદ કરવા માંગ કરવામાં આવી છે. આ અરજ ઉપર સુપ્રિમ કોર્ટના ત્રણ જજ ન્યાયાધિશોની પીઠ વિચાર કરશે.

૧૯૮૪ માં સુપ્રિમ કોર્ટમાં બે ન્યાયાધિશની પીઠે આ કાયદાને સંવિધાનીક બતાવી ચુકી છે. મુખ્ય ન્યાયાધિશ રંજન ગોગોઈ અને સંજય ખન્નાની પીઠે કાયદાને પડકારતી નવી અરજીને ત્રણ ન્યાયાધિશોની પીઠને વિચાર કરવા માટે રજુ કરાશે. સુપ્રિમ કોર્ટની આ અરજ કાયદાના બે વિદ્યાર્થીઓ ઓજસ પાઠક અને મંયક ગુપ્તાએ દાખલ કરેલ છે. અરજ ઉપર દલીલ કરતા વરિષ્ઠ વકિલે હિન્દુ મેરેજ એકટ ૧૯૫૫ની કલમ ૯ અને સ્પેશ્યલ મેરેજ એકટ ૧૯૫૪ની કલમ ૩૨ તથા દિવાની પ્રક્રિયા સંહિતાના આદેશ ૨૧ નિયમ ૩૨ અને ૩૩ ને વ્યક્તિની ગરીમા અને સ્વાયત્તા તથા નિજતાના અધિકારના ઉલ્લઘન બતાવેલ જે રદ કરવાની માંગ કરેલ છે.

અરજમાં જણાવ્યું છે કે આ કાનુન પતિ અને પત્નીને એક બીજાની વિરૂધ્ધ દામ્પત્ય સબંધ સ્થાપિત કરવા માટે ડિક્રી પ્રાપ્ત કરવાનો અધિકાર આપે છે. કોર્ટ બન્નેની સામે રહેવાનો અથવા અલગ રહેવાનો આદેશ કરેલ છે તેનું હુકમનામું બને છે. જેનું પાલન કરવું બન્ને પક્ષે ફરજીયાત છે પરંતુ હુકમનું પાલન ના કરતા બીજા પક્ષકારને કોર્ટ દાબ દબાણ કરી શક્તિ નથી તેથી આ હુકમનો કોઈ જ મતલબ રહેતો નથી. ડિક્રી આદેશનો ઉલ્લંઘન કરવો એ દંડનીય અપરાધ ગણવામાં આવ્યો છે.

અરજમાં સુપ્રિમ કોર્ટે નિજતાનો અધિકાર વ્યભિચાર અને સંમલીગતાના મામલામાં આપેલ હાલના ફેંસલાને આધાર બતાવી જણાવ્યું છે કે જુનો થઈ ગયેલો આ કાયદો બરાબર નથી. આજના આધુનિક જમાનામાં વ્યક્તિ સ્વંતત્રતાના યુગમાં એક બીજા સામે પરાણે રહેવા આદેશાત્મક હુકમ કરી શકાય નહિ કોઈને કોઈની મરજીની વિરૂધ્ધ સબંધ બનાવવા માટે મજબુર ના કરી શકાય.

અરજમાં સુપ્રિમ કોર્ટમાં દાખલ થયેલ અરજના હુકમ ઉપર સવાલ ઉઠાવવામાં આવ્યો છે. આ હુકમમાં સુપ્રિમ કોર્ટે દામ્પત્ય સબંધોની પુનઃ સ્થાપના કાયદાને સાચો ઠરાવ્યો હતો આ પહેલા ૧૯૮૩ માં આંધ્રપ્રદેશ હાઈકોર્ટે આ કાનુને અસંવિધાનીક જાહેર કરેલો પરંતુ ૧૯૮૪ માં દિલ્હી હાઈકર્ટે હરવિંદર કૌર વિરૂધ્ધ હરમંદરસીહ ચૌધરીના કેસમાં આ કાયદાને સંવિધાનીક ઠરાવ્યો હતો.

સુપ્રિમ કોર્ટમાં દાખલ થતી અરજમાં સંવિધાનની પીઠેના હાલના ફેંસલામાં વ્યક્તિની વ્યક્તિગત સ્વાયત્તતા અને ગરીમા અને અધિકારની વ્યાખ્યા કરવાવાળા અંશોનો હવાલો આપી આ કાનુનને રદ કરવાની માંગ કરેલ છે અને જણાવેલ છે કે દામ્પત્ય જીવનની પુનઃસ્થાપનાની અવધારણાને ભારતના કોઈપણ પર્સનલ લૉમાં માન્યતા આપવામાં આવી નથી. આ કાનુન સામંતી વિચાર ધારાવાળા અંગ્રેજ કાયદા ઉપર આધારીત છે જેમાં તે સમયે પત્નીને પતિની સંપત્તિ સમજવામાં આવતી હતી. આ કાનુન પુરૂષ પ્રધાન સમાજની કલમ ૧૫(૧) નો ઉલ્લંઘન કરે છે. ઈંગ્લેન્ડમાં ૧૯૭૦ માં જ આ કાયદાને રદ બાતલ જાહેર કરી દીધો છે પરંતુ ભારતમાં હાલમાં પણ પત્ની પતિની સાથે ના રહેતી હોય અગર તો પતિ પત્ની સાથે રહેતો ના હોય તો કોર્ટમાં લગ્નજીવન અધિનિયમ કલમ ૯ મુજબ અરજ દાખલ કરી સાથે રહેવાનો હુકમ મેળવી શકે છે. કોર્ટ યોગ્ય લાગે તો પતિ પત્નીને એકબીજાની સાથે રહી લગ્નજીવનના હક્કો પુનઃ સ્થાપિત કરવા જણાવે છે પરંતુ કોર્ટના હુકમનો આદર કરવો, પાલન કરવું એ દરેક અરજદાર કે સામાવાળા માટે શક્ય ના હોય તો કોર્ટના હુકમનો અનાદર કરે છે. જેને અદાલતના હુકમના અવમાનના તરીકે ગણી કન્ટેમ્પ ઓફ કોર્ટ તરીકે ટ્રીટ કરવામાં આવે છે પરંતુ કોર્ટના હુકમનામાને આજના સ્વતંત્ર, વ્યક્તિગત વિચારવાળા તથા નિજતાના અધિકાર સામે તથા વ્યક્તિ સ્વતંત્રતાના અધિકાર ઉપર તરાપ મારવા સમાન ગણવામાં આવે છે. પરિણામે કોર્ટના લગ્નજીવન પુનઃ સ્થાપના હુકમનો કોઈ જ અર્થ સરતો નથી, ઉલટાની આવી અરજીઓની ભરમાર ફેમીલી કોર્ટમાં કામનું ભારણ વધારી કોર્ટના કિમતી સમયનો વય કરે છે.

આ કાનુન સ્ત્રી પુરૂષ બન્નેની સ્વાયત્તા, ગરીમા અને નિજતાના અધિકારના ઉલ્લંઘન સમાન હોઈ અરજમાં જમાનામાં કોઈ જ અર્થના સરતા રદબાતલ ઠરાવવો જ યોગ્ય છે. જો કે આગામી દિવસોમાં સુપ્રિમ કોર્ટ આ અરજનો શું ચુકાદો આપે છે તેના ઉપર આધાર રાખે છે જો અરજ મંજુર કરવામાં આવે તો સ્ત્રીઓને લગતા ફેમીલી કોર્ટના એકટમાં સુધારો કરવાનો રહેશે અને લગ્નજીવનના પુનઃ સ્થાપનના કલમ ૯ ને રદબાતલ ઠરાવવામાં આવશે જેનાથી કોર્ટના ભારણમાં થોડો ઘટાડો થશે.

હિન્દુ મેરેજ એકટ ૧૯૫૫ની કલમ ૯ અને સ્પેશ્યલ મેરેજ એકટ ૧૯૫૪ની કલમ ૩૨ તથા દિવાની પ્રક્રિયા સંહિતાના આદેશ ૨૧ નિયમ ૩૨ અને ૩૩ને રદ કરવાની માંગ

આળસ એ હિંદનો એક મોટો ને જૂનો રોગ છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

આળસ એ હિંદનો એક મોટો ને જૂનો રોગ છે. ગરીબાઈ એ પણ મોટો વ્યાધિ છે જ, પણ ગરીબાઈના મૂળમાં આળસ એક અગત્યનું કારણ છે. હિંદની ગરીબાઈના એક ઈલાજરૂપે ગાંધીજીએ રેંટિયો ને ખાદી બનાવ્યાં. એનો પ્રચાર કરતાં ૧૯૨૪-૨૫ના પ્રવાસોમાં તેમને લોકમાનસનો જે અનુભવ થયો, તે પરથી તેમણે કહ્યું કે આપણી પ્રજાનું આળસ એ ગરીબાઈને પણ ટપી જાય એવું છે.

શરીર આળસ કરી નવરું પડી રહે ત્યારે મન કંઈ નવરું પડતું નથી. નિરુદ્યમી માણસનું મન બૂરા વિચારો કરે છે ને પોતાનું તેમજ બીજાનું સત્યાનાશ વાળે છે. તેથી આપણામાં કહેવત પડી છે કે નવરો બેઠો નખોદ વાળે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે નવરું મન શેતાનનું કારખાનું છે. દુનિયામાં થતાં કેટલાં બધાં તોફાનો ને ગુના પાછળ નવરા બેકાર માણસોનો હાથ ડોય છે, એ વિચારવાજોગ છે.

પ્રાચીન રોમનું સામ્રાજ્ય દેશ-પરદેશમાં ફેલાયું, ને ત્યાંથી ખંડણીરૂપે ગાડેગાડાં અનાજ રોમના પ્રજાજનોને મફત વહેંચી આપવામાં આવતું. જે લોકો અગાઉ ખેતીની મહેનત-મજૂરી કરતા ને જોરાવર હતા, તેમને મફત અનાજ મળવાથી તેઓ બેઠાડુ થયા. તેથી રોમમાં એ વર્ગનાં તોફાનો ચાલુ થયાં. મહેનત છોડવાથી પ્રજા વિલાસી ને નબળી બની. એ વસ્તુએ રોમની પડતીમાં ફાળો આપ્યો ને જંગલી પણ બળવાન પ્રજાએ ઉત્તરમાંથી આવીને રોમ જીતી લીધું.

આપણા દેશમાં પણ મધ્યયુગના આરંભમાં વૈભવ, વિલાસ ને આળશ વધ્યાં. તેને લીધે જ આપણે લડાઈઓમાં હાર્યા ને પરાધીન બન્યા. મહેનત વિના બેઠેબેઠે ખાવાનું મળે, એ વ્યક્તિ તેમ જ આખી પ્રજા - બંનેને માટે શાપ સમાન છે.

નિંદાકૂથલી એ પણ આળસનું જ પરિણામ છે. આપણા દેશમાં ભણેલાં ને અભણ સહુ, સમાજમાં કે રાજકાજમાં, અંગત નિંદાકૂથલી પાછળ કેટલો બધો વખત બરબાદ કરે છે તે વિચારી જોજો. યુવાની અને આળસ એ બે એકબીજાના વિરોધી શબ્દો હોવા જોઈએ. યુવાની એ જીવનની વસંત છે. વસંતઋતુમાં કુદરત પોતાની નવરચનાનું કેટલું બધું કામ કરે છે ! એમ સમાજની, દેશની કે જીવનની નવરચના કરવી હોય તો તેને માટે પણ એવું જ અવિશ્રાંત કામ કરવું જોઈએ.

આળસના અનેક પ્રકાર હોય છે. માણસ મહેનતુ ભલે હોય, પણ તે જો પોતાને કરવાનાં કામ નીમેલે વખતે ન કરે, તો એ પણ આળસ કહેવાય. આળસનો આ પ્રકાર સામાન્ય છે. એવા માણસને ઘણાં કામમાં દોડધામ થાય છે. ઘાંઘા થઈ જવાય છે, કામ સુગડ ને વ્યવસ્થિત થતું નથી. જ્યારે વ્યવસ્થિત રીતે કામ કરનારને ઘણાં કામ કરવાનાં આવે છે ત્યારે પણ તેના જીવને ટાઢક રહે છે. રૉબર્ટ લુઈ સ્ટીવન્સને કહ્યું છે કે બહાર ભારે વાવાઝોડું ચાલતું હોય ત્યારે પણ જેમ ઘડિયાળ પોતાની એકધારી ગતિએ ચાલ્યા કરે છે, તેમ દુનિયાની ઊથલપાથલની અસર મન ઉપર થવા દીધા વિના ધીર પુરુષે પોતાનું કામ ચાલુ રાખવું જોઈએ.

મનુષ્યમાં ફૂવડપણું એ આળસનું જ પરિણામ હોય છે. ફૂવડપણાને ભણતર કે અભણપણા જોડે સંબંધ નથી, એ મુખ્યત્વે આળસનું જ પરિણામ છે. ઉદ્યમની બાબતમાં આપણે સહુએ લશ્કર પાસેથી ઘણું શીખવા જેવું છે. લશ્કરનો સૈનિક માન પામે છે તેનું મુખ્ય કારણ એ તો છે જ કે તે જીવ હથેળીમાં લઈ સામે મોઢે મોતને ભેટવા જાય છે. પણ તેને વિશેના આદરનું એક બીજું કારણ તેનું નિયમબદ્ધ ને શિસ્તવાળું જીવન પણ છે. લશ્કરની છાવણી જુઓ તો સ્વચ્છતાના નમૂનારૂપ હોય. એનો પાટ અમને એક વાર ગાંધીજીએ શીખવેલો. ૧૯૩૪ની હરિજનયાત્રા દરમિયાન અમે કુર્ગમાં હતા. ત્યાં એક સવારે ઉતારો છોડી નીકળવાને વખતે તેઓ અમારા ઓરડામાં આવ્યા. જુએ તો ઠેરઠેર કચરો ને કાગળના ટૂકડા વેરાયેલા. એ જોઈ એમની આંખ ફરી ગઈ. તેમણે કહ્યું : આવું મૂકીને અહીંથી જવાય જ કેમ ? લશ્કરે જે જગ્યાએ પડાવ નાખ્યો હોય ત્યાંથી મુકામ ઉઠાવતી વખતે જગા બિલકુલ સાફ કરી નાખીને જ જવું, એવો નિયમ હોય છે. એ નિયમ આપણે પણ પાળવો જોઈએ. એટલે હવે રોજ જે જગ્યા છોડો તે વાળીઝૂડી સાફ કરીને જ નીકળજો. હું જોઈશ, ને એમાં ચૂક્યા તો સખત ઠપકો આપીશ.

આવું જીવન યુવાનીમાં શરૂ કરી શકાય છે, એનો પાયો નાખવાનો ખરો વખત જ એ છે. આ સવાલનો જરા બીજી રીતે પણ વિચાર કરવા જેવો છે. આળસલનો તો બચાવ થાય એવો નથી જ. પણ નરી દોડધામ એ જેમ ઉદ્યમ નથી, તેમ ફુરસદ અને વિશ્રાંતિને હંમેશાં આળસ કહી શકાય નહીં. આજની પશ્ચિમી દુનિયા જોઈએ, તો તેને આળસ સામે નહીં પણ અતિશય દોડધામ સામે ચેતવણી આપવી પડે. આપણે ત્યાંના શહેરી જીવનની પણ એ જ દશા થતી જાય છે. આપણે આપમાં કામ ને તેના વિચારોમાં જ એટલાં મશગૂલ રહીએછીએ કે બીજાઓ તરફ ધ્યાનથી જોવાની અથવા સૂર્યોદય-સૂર્યાસ્ત કે સમુદ્રની ભરતીઓટ આંખ ભરીને નિહાળવાની, કે એ અદભૂત લીલાના સરજનહારનો વિચાર કરવાની આપણને ફુરસદ કે નિરાંત હોતી નથી. તેથી ધાંધલ વધી છે ને ચિંતન ઘટ્યું છે.

- ચંદ્રશંકર પ્રા. શુક્લ

લાસ્ટ સીન

લઈ કાગળ ને કલમથી પરિશ્રમને પાના પર ઉતારી દો
મનમાં ઉઠતા શંકાઓના સંઘર્ષને મેં શબ્દોમાં સમાવી લીધો

કોઈ ચમત્કાર જ નરેન્દ્ર મોદીને ફરી વડાપ્રધાન બનતાં રોકી શકે

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

૨૩ મે ૨૦૧૯ના રોજ ૧૭મી ભારતીય લોકસભાની ચૂંટણીનાં પરિણામ જે આવે તે, પણ એટલું નિશ્ચિત છે કે ઓછી બહુમતીએ પણ નરેન્દ્ર મોદીને વડાપ્રધાનપદે આરૂઢ થતાં કોઈ રોકી શકવાની સ્થિતિમાં જણાતું નથી. મે ૨૦૧૪માં ગુજરાતના મુખ્યમંત્રી મોદી ભાજપના વડપણવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ના વડાપ્રધાનપદના ઉમેદવાર હતા. એ વેળાના એમના ઝંઝાવાતી પ્રચાર અને સોશિયલ મીડિયાના સહારા થકી જે માહોલ રચાયો હતો એવો માહોલ આજે પાંચ વર્ષના એમના શાસન પછીના સમયગાળામાં જોવા મળતો નથી; છતાં ૫૪૫ સભ્યોની લોકસભાની ૫૪૩ બેઠકોની સાત તબક્કામાં ચૂંટણી પછી ફરીને મોદીને વડાપ્રધાનપદે આવતાં ભાગ્યેજ કોઈ આડા હાથ દઈ શકવાની સ્થિતિમાં છે. વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી માટે વિપક્ષો એક છત્ર તળે આવી શક્યા નથી અને વડાપ્રધાનપદના કોઈ સર્વસંમત ઉમેદવાર નથી એટલે ભાજપનો હાથ ઉપર રહેવાના સંજોગો છે. જોકે ભૂતકાળમાં ૧૯૭૭, ૧૯૯૧ અને ૨૦૦૪માં વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર નહોતા થયા એવા મોરારજી દેસાઈ, પી.વી.નરસિંહ રાવ અને ડૉ.મનમોહન સિંહ વડાપ્રધાન બન્યાના દાખલા આપણી સામે છે.

દેશની સલામતી અને રાષ્ટ્રવાદ

વર્ષ ૨૦૧૪માં મોદીને વિપક્ષી મોરચાના વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયા ત્યારે કૉંગ્રેસના વડપણ હેઠળના દસ વર્ષના શાસનનો અંત આણવામાં તેમને સફળતા મળી હતી. એ વખતે ભાજપને ૨૮૨ બેઠકો અને એનડીએને ૩૩૬ બેઠકો મળી હતી. દસ વર્ષના શાસન પછી કૉંગ્રેસ માત્ર ૪૪ બેઠકોમાં જ સમેટાઈ ગઈ હતી અને એને લોકસભામાં વિપક્ષના નેતાનો હોદ્દો મેળવવા માટે જરૂરી ન્યૂનતમ ૫૫ બેઠકો નહીં મળી હોવાથી ૧૬મી લોકસભા વિપક્ષી નેતા વિહોણી હતી. આ વખતે ભાજપને ૧૭૦થી ૧૮૦ બેઠકો મળે તો પણ સાથી પક્ષોના સહારે એ બહુમતી માટે જરૂરી ૨૭૨ના આંકડાને સાકાર કરીને બેડો પાર કરી શકે છે. મોદીના નેતૃત્વમાં સરકાર રચાય તેમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, રાજ્યસભાના સભ્ય હોવા છતાં ગાંધીનગર લોકસભા બેઠક લડ્યા હોવાથી, ગૃહમંત્રી બનવાની ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે. ભારતીય સંસદથી લઈને પુલવામા સુધીના આતંકી હુમલાઓનો માસ્ટર માઈન્ડ પાકિસ્તાનનિવાસી મૌલાના મસૂદ અઝ્હરને વૈશ્વિક આતંકી જાહેર કરવાની સંયુક્ત રાષ્ટ્રસંઘ સુરક્ષા પરિષદમાં આવેલી દરખાસ્તને ચીને ચાર-ચાર વાર વિટો થકી ફગાવી હતી,પરંતુ પહેલી મેના રોજ ચીને પોતાનો વિરોધ પાછો ખેંચી લેતાં જૈશ-એ-મોહમ્મદના સુપ્રીમો મૌલાના મસૂદ અઝ્હરને ગ્લોબલ ટૅરરિસ્ટ જાહેર કરાયાનો યશ વડાપ્રધાન મોદીની કૂટનીતિને મળ્યો. અગાઉ ગ્લોબલ ટૅરરિસ્ટ જાહેર થયેલા ત્રણ જણા એટલેકે હાફિઝ સઈદ, ઝકીઉર રહેમાન લખવી અને દાઉદ ઈબ્રાહીમ આજે પણ પાકિસ્તાનમાં ખુલ્લેઆમ ફરે છે એટલે મૌલાના પર કેટલો અંકુશ આવશે, એ કહેવું મુશ્કેલ છે. જોકે દેશની સલામતી અને રાષ્ટ્રવાદના મુદ્દા ભાજપને જીતવા માટે મદદરૂપ થવાનાં એંધાણ છે.

૧૯૭૭માં વડાપ્રધાન હારી ગયાં

જૂન ૧૯૭૫થી ઈમરજન્સી લાદનારાં વડાંપ્રધાન ઈન્દિરા ગાંધીને જાન્યુઆરી ૧૯૭૭માં તેઓ ચૂંટણી જાહેર કરે તો કૉંગ્રેસ પક્ષને ૩૪૦ બેઠકો મળશે તેવો ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈ.બી.)નો અહેવાલ એમના વિશ્વાસુ સાથી પી.એન.ધરે સુપરત કર્યો હતો. વધુ પડતા આત્મવિશ્વાસમાં આવીને, દીકરા સંજય ગાંધીના વિરોધ વચ્ચે, એમણે ચૂંટણી જાહેર તો કરી,પણ વિપક્ષી મોરચો ૨૯૫ બેઠકો જીતી ગયો એટલું જ નહીં, કૉંગ્રેસને માત્ર ૧૫૪ બેઠકો મળી અને

- વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર નહોતા થયા એવા મોરારજી, નરસિંહ રાવ અને ડૉ. સિંહ પીએમ બન્યા હતા
- મૌલાના મસૂદ ગ્લોબલ ટૅરરિસ્ટ જાહેર,પણ હાફિઝ સઈદ, લખવી અને દાઉદ ઈબ્રાહીમ તો પાકમાં મોજ કરે છે
- વર્ષ ૧૯૭૭માં અને ૨૦૦૪માં તત્કાલીન વડાંપ્રધાનો લોકસભાની ચૂંટણી ભૂંડા હાલે હાર્યાના દાખલા મોજૂદ
- જે રાજનેતા ભણી મીટ માંડવા જેવી છે એ છે મહારાષ્ટ્રના સવમિત્ર એવા મજબૂત મરાઠા નેતા શરદ પવાર

ખુદ વડાંપ્રધાન શ્રીમતી ગાંધી અને એમના સાંસદ-પુત્ર સંજય ગાંધી અનુક્રમે રાયબરેલી અને અમેઠીની બેઠકો પરથી હારી ગયાં. માર્ચ ૧૯૭૭માં જનતા પાર્ટીની સરકારના મોરારજી દેસાઈ વડાપ્રધાન બન્યા હતા. છેલ્લી ઘડીએ ઈન્દિરા સરકારમાંથી રાજીનામું આપનારા જગજીવન રામ અને ભાલોદના ચૌધરી ચરણ સિંહ બંને મોરારજી સરકારમાં નાયબ વડાપ્રધાન હતા. જોકે એ વખતે કૉંગ્રેસ ઉત્તરનાં રાજ્યોમાં લગભગ સાફ થઈ ગઈ પણ દક્ષિણનાં રાજ્યોમાં પ્રજા અને સાથી પક્ષોએ એને વ્યાપક જનસમર્થન આપ્યું હતું. સ્વયં ઈન્દિરાજીએ લોકસભામાં પ્રવેશ મેળવવા માટે કર્ણાટકની ચિકમંગલૂર બેઠક પરથી પેટા ચૂંટણી લડીને વિજયી થવું પડ્યું હતું. મોરારજી અને ચૌધરી ચરણ સિંહ વચ્ચેના ખટરાગને પગલે જનતા પાર્ટીની સરકાર મુદત પહેલાં જ વિદાય થઈ અને ચરણસિંહ કૉંગ્રેસના ટેકે વડાપ્રધાન બન્યા હતા. વર્ષ ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં શ્રીમતી ગાંધીની કૉંગ્રેસ ૩૭૪ બેઠકોની ભારે બહુમતી સાથે દેશમાં ફરી સત્તારૂઢ થઈ હતી.

વાજપેયીનું "ઇન્ડિયા શાઈનિંગ" ભપ્પ

ત્રણ-ત્રણ વાર વડાપ્રધાન થનારા ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીએ પોતાના લાડકા સાથી પ્રમોદ મહાજનના આગ્રહને કારણે મે ૨૦૦૪માં છ મહિના વહેલી લોકસભાની ચૂંટણી યોજીને "ઇન્ડિયા શાઈનિંગ"ના સહારે અને સદગત વડાપ્રધાન રાજીવ ગાંધીનાં પત્ની સોનિયા ગાંધીના ઈટાલિયન ગોત્રને મુદ્દે ચૂંટણી જીતવાની કોશિશ કરી ત્યારે પ્રજાએ તેમને જાકારો આપ્યો હતો. ૧૪૫ બેઠકો સાથેની કૉંગ્રેસના સમર્થક મોરચા કને ૨૧૮ બેઠકો થઈ અને ભાજપની ૧૩૮ બેઠકો સાથે તેના મોરચાની કુલ ૧૮૫ બેઠકો થતાં ડૉ.મનમોહન સિ